# કેમ કહેવી વાત!

*[ અંદર અનુભવાતું હોય તે કેવી રીતે કોને કહી શકાય? ]*

*- અષ્ટાવક્ર ગીતા*

આંખ મીંચો અને અંદર એક જુદું વિશ્વ દેખાય. અંદર ઊંડા ને ઊંડા ઊતરતા જઈએ. ક્યારેક આકાશ સામે જોતા રહીએ અને આપણી ભીતર પણ વિસ્તરે એક અનેરું આકાશ. અઢળક રંગોનો દરિયો એમાં હિલોળા લેતો હોય. ક્યારેક ઘટાટોપ ઘેરાય. પછી ઝરમર ઝરમર. એ ઝરમરની સાથે બધું ઓગળવા લાગે. હાથ-પગ-ચહેરો - શરીર આખું ગાયબ. અને પછી વિસ્તરી જઈએ અણુ-અણુમાં. વૃક્ષોની ડાળી પરથી સરકતાં સરકતાં ઊતરી જઈએ છેક ઊંડે. મૂળથીયે ઊંડે. મનના અતાગ રહસ્યલોક. આંખોને પણ હોય વિસ્મયની આંખ. એને ક્યારેક ફૂટે પાંખ. અને પછી કલમ ઉપાડી, હડપચી પર હાથ ટેકવી, વિચારસભર મુદ્રામાં નક્કી કરવા જેવું વિચારીએ – ચાલો, લખીએ આ બધું. આ બધું એટલે શું? લખવું એટલે શું? શું લખવું? જે છે તે!

જે છે તે – એટલે શું? કશું આંગળી ચીંધીને કહી શકાતું નથી. ક્યારેક હોય છે ગૂંગળામણ, ક્યારેક મથામણ – તલસવું – તડપવું અને છેવટે જોયા કરવું. કલમ

ઊંચકીએ તો કલમ પણ જોયા કરે. એક અક્ષર પાડે નહિ. ક્ષણો પ્રવાહી બનીને વહેવા લાગે. એ વહેતી ક્ષણોની વાત શબ્દકોશના શબ્દોમાં બંધાય નહિ. વાત માંડવી કઈ રીતે? વાત માંડીએ અને આખેઆખી વાત જ વહેતી વહેતી વિલીન! પ્રત્યેક ક્ષણને પોતાની આગવી વાત. પ્રત્યેક વાતનો સ્વભાવ વહેવાનો...

વિસ્મયની ફૂલ-પાંદડી પર રહસ્યનું ઝાકળબિંદુ! રહસ્ય એટલે શું? વૃક્ષને કૂંપળ ફૂટે તે રહસ્ય. હું કૂંપળને ફૂટતી જોઉં તે પણ એક રહસ્ય. રહસ્ય વિશે વિચારવાની વાત પણ છેવટે રહસ્યાત્મક અનુભૂતિ તરફ લઈ જાય છે. 'હોવા'ના રહસ્યથી માંડીને 'વિલય પામવા'ના રહસ્યને ઝૂલે ઝૂલતો હું વિમાસ્યા કરું છું. જોયા કરું છું.

આશ્ચર્ય હોય તો માત્ર એટલું જ કે કહી નથી શકતો કશુંય. કાગળ પરના આ અક્ષરો તો પ્રલાપ માત્ર. અને છતાં કશુંક કહેવાની ઝંખના તો રહ્યા જ કરે છે! કહેવા મથું છું તો ભ્રમણાઓ કલમની શાહી બનીને કલમમાં પ્રવેશી જાય છે અને અક્ષર રૂપે અવતરવા લાગે છે. જનમતા રહે છે પાર વિનાના શબ્દો જીવાતોની જેમ – સેંકડોની સંખ્યામાં. પછી તે અસ્તિત્વ માટે હવાતિયાં મારતાં મારતાં મૃત્યુ પામે છે; કે પછી અવતરે ત્યારે જ મૃત હોય છે આ બધા શબ્દો! એકાદ જીવતો શબ્દ મળી જાય તો સારું. અંદરની અકળામણ અવતરતી નથી શબ્દરૂપે. ઘટાટોપ ઘેરાય છે. વલખાટ અનુભવાય છે. કશુંક ધમપછાડા કરે છે રગેરગમાં. એને અવતારવા માટે શબ્દોનું માધ્યમ કદાચ માફક નથી આવતું. કેમ કહેવી વાત!!

કેમ કહેવી વાત કે જે વાતનો પિંડ શબ્દોથી બંધાતો નથી. કશુંક છે જે વ્યક્ત થઈ શકતું નથી. – અને આ બધું પાછું કહેવું કોની આગળ! કોને કહેવી વાત જે વાત ક્યાંયથી શરૂ થતી નથી. પૂરી પણ થતી નથી એ વાત. આગળ પણ વધતી નથી. જેને આકાર જ નથી ને કોઈ! જે છે છતાં નથી. કોને કહેવી આ વાત! કઈ રીતે કહેવી!

*(ઉદ્દેશ : ઑગસ્ટ, ૧૯૯૧)*

# સમય

પંખીના ઊડી ગયા પછી ઝૂલ્યા કરતી ડાળ જેવો સમય મને તાકે છે. લાલ લાલ ઇન્દ્રગોપની જેમ સમય સરકતો હોય છે મારી હથેળીમાં તો ક્યારેક એ મને હાથતાળી દઈને ભાગી છૂટે છે અને પછી ચાલતો રહે છે પોતાની ગતિએ. કદીક હવામાં ફંગોળાતો તો કદીક કોઈ કાદવિયા રસ્તે પગલાં પાડતો; મારા સંદર્ભોને ગૂંથતો અને એમાં ગૂંથાતો; એમ કરીને મને ગૂંચવતો અને પોતે ગૂંચવાતો, ક્યારેક વરસાદમાં ભેજભર્યો તો ક્યારેક તડકામાં ધગધગતો. એ વહેતા સમયમાં ક્યારેક હું ખેંચાઉં અને ખરડાઉં તો ક્યારેક અળગો ઊભો રહી એને જોતો રહું અને મલકાઉં.

જાણે હમણાં જ ઈંડું ફોડીને બહાર નીકળ્યું હોય એવું કોઈ પંખી આકાશને માપવા પાંખ પ્રસારે તેમ હું પ્રસારું છું મને, સમયને માપવા માટે. અને આ સમય તો હવાની જેમ મને અડતોકને હાઉકલી કરી લપાઈ જાય છે. સંતાકૂકડીની આ રમતમાં હું અને સમય શોધતા રહીએ છીએ એકબીજાને.

મારી સામે તો છે સમયનું સાવ કોરું કૅન્વાસ. મારે એમાં રેખાઓ આળખીને, એમાં થોડા રંગો પૂરીને જીવતું કરવું છે એને. હું લીટોડા કર્યા કરું છું અને પાછો એને ભૂંસતો રહું છું. ક્યારેક રેખાઓનું માળખું રચાય છે. પછી એમાં રંગો પૂરવા

કોરી આંખોમાં પીંછી બોળું છું અને અંદરથી જાણે દરિયો ધસી આવે છે. મેં દોરવા ધારેલાં બધાં જ ચિત્રોને એ તાણી જાય છે. ભીની રેતી જેવો કાગળ મને તાક્યા કરે છે. મારી બુઠ્ઠી આંગળીઓ સમયના કૅન્વાસ પર તોળાયેલા આકાશને સ્પર્શવા મથે છે અને મારી છાતીની અંદર ગોરંભાયેલું આકાશ તરખાટ મચાવે છે. પવનનાં ઝાપટાં, વિખેરાતી રેખાઓ, ઊભરાતા રંગો અને ઝબકારા-ચમકારા વચ્ચે હું વહેતા સમયના કૅન્વાસ પર મારા નહીં દોરાયેલાં ચિત્રોની રેખાઓ આળેખવા મથ્યા કરું છું.

*(પરબ : ઑગસ્ટ, ૨૦૧૯)*